# -તો કચ્છ પાણીથી છલોછલ થઈ જશે

ગાંધીધામ, તા. ૨૮ : કચ્છમાં કાર્યરત ઉદ્યોગોના છત્રરૂપ સંગઠન ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન (ફોકિયા) દ્વારા સરહદી આ જિલ્લાની પીવાનાં પાણીની સ્થિતિનો તલસ્પર્શી અભ્યાસ કરાવીને તૈયાર કરાયેલી ૩૨૦૦ કરોડની યોજના રાજ્ય સરકાર સમક્ષ રજૂ થઈ છે અને તેનું અમલીકરણ પણ હાથ ધરાયું છે. જો આ યોજના પૂર્ણપણે સાકાર થશે તો આવતા દિવસોમાં કચ્છ પાણીથી છલોછલ થઈ જશે.

ફોકિયાના એમ. ડી. નિમિષ ફડકેના જણાવ્યા પ્રમાણે સૂકા મુલક કચ્છમાં પાણીનું સંકટ દૂર કરી શકે તેવી ૩૨૦૦ કરોડની વોટર સિક્યોરિટી યોજના તૈયાર કરાઈ છે. ટપ્પર ડેમમાં નર્મદાનું જળ ભરવું, દરિયાઈ પાણીનું શુદ્ધિકરણ અને ગટરનાં પાણીનું શુદ્ધિકરણ આ તમામ પગલાં તે દિશાના છે.

ફોકિયાએ કચ્છના ૭૦૦૦ તળાવો, ૯૦૦ ગામડાનો ઈસરોના સહયોગથી સર્વે કરાવીને ખાસ પ્લાન તૈયાર કર્યો. ભુજમાં જ કાર્યરત એરિડ

**ફોકિયાએ તૈયાર કરેલી ૩૨૦૦ કરોડની યોજના સરકાર સમક્ષ થઈ રજૂ**

કોમ્યુનિટીસ એન્ડ ટેક્નોલોજીના સહયોગથી ૬૦ લાખના ખર્ચે દુનિયાનો કદાચ પ્રથમ વિસ્તૃત અહેવાલ તૈયાર થયો, જેમાં ભૂતળની ઝીણામાં ઝીણી વિગતોને આવરી લઈ હાલની સ્થિતિ, ભવિષ્યમાં શું થઈ શકે, કઈ રીતે થઈ શકે વગેરેનું ધ્યાન રખાયું.

વર્ષ ૨૦૦૨માં નર્મદાની પીવાનાં પાણીની લાઈન કચ્છમાં આવી ત્યારે તેમાંથી ૧૪૫ એમ.એલ. ડી. પાણી પીવા માટે જ્યારે ૫૫ એમ.એલ.ડી. ઉદ્યોગો માટે રખાયું હતું. પછીથી વિકાસ વધ્યો અને ઔદ્યોગિક જરૂરિયાત પણ વધી. પાણીના વપરાશને લઈને જે સ્થિતિનું નિર્માણ થયું તેને ધ્યાનમાં રાખીને આ યોજના તૈયાર થઈ.

સર્વેક્ષણમાં દરેક ગામ શહેરની હાલની પાણીની આવક-જાવક ભૂગર્ભ જળ, વરસાદી પાણી સંગ્રહ, દરિયાઈ પાણીનું શુદ્ધિકરણ, ગટરનાં પાણીનું રિસાઈકલિંગ વગેરેનો અભ્યાસપૂર્ણ અહેવાલ તૈયાર કરાયો. ૩૨૦૦ કરોડની આ સમગ્ર યોજના પૈકી હાલે કચ્છના ૪૦૦ ગામોમાં રૂા. ૧૦ કરોડના ખર્ચે ભૂગર્ભજળ રિચાર્જ કરવા જળમંદિર કાર્યક્રમ શરૂ કરી દેવાયો છે. વધુ ૧૫૦ ગામોમાં તે ચાલી રહ્યો છે. આટલી મોટી યોજના કોઈ સંસ્થાન એકલા હાથે તો ચલાવી ન શકે એટલે આ યોજના સરકાર સમક્ષ રજૂ કરી દેવાઈ છે. કચ્છમાં આવેલા ઉદ્યોગો તેમની

(જુઓ પાનું ૧૧)

Scanned by CamScanner

## કચ્છ થયું ત્રાહિમામ

તાપમાનનો પારો ૪૩ ડિગ્રી જેવો રહ્યો હતો તો રાપરમાં પણ સમાન ડિગ્રી ગરમી સાથે સૂર્યદેવતા વરસી પડ્યા હતા.

નલિયામાં જો કે ગરમીનો પારો ૩૫.૫ ડિગ્રી હતો પરંતુ પવનને કારણે બપોરે માર્ગો પર લૂનું સામ્રાજ્ય રહ્યું હતું. કંડલા પોર્ટ ખાતે ૩૬.૭, જ્યારે અંજાર સહિતના વિસ્તારોના તાપમાનની તાસીર જ્યાં નોંધવામાં આવે છે તે કંડલા એરપોર્ટ ખાતેના હવામાન યંત્રમાં મહત્તમ તાપમાન ૪૧.૬ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. માંડવીમાં ૩૨.૦ અને મુંદરામાં દિવસનું તાપમાન ૩૫.૦ ડિગ્રી સેલ્સિયસ હતું.

## કચ્છ પાણીથી છલોછલ

સામાજિક જવાબદારી સ્વરૂપે યોજનાનો ૪૦ ટકા ખર્ચ ઉઠાવશે. જ્યારે ૬૦ ટકા રકમ રાજ્ય અને કેન્દ્ર સરકારના માધ્યમથી ખર્ચાશે. જો આ સમગ્ર યોજના ફળિભૂત થશે તો આગામી દસકામાં કચ્છ પાણીથી છલકતો મુલક બની જશે તેવી લાગણી શ્રી ફડકેએ વ્યક્ત કરી હતી.

## આંબા પર કુદરત નારાજ

ફાલ ન લાગે તેવું આ વર્ષે જ બન્યું છે. અનેક ખેડૂતો તો પરિસ્થિતિનું પૃથક્કરણ કરવા લાગ્યા છે.

જે પણ હોય કેસર કેરીનો સ્વાદ ખરીદદારો માટે કડવો લાગશે. જ્યારે ખેડૂતોને ઓછા ઉત્પાદનને કારણે કેરીઓ ખાટી લાગે છે. આ વર્ષે માત્ર સ્વાદથી સંતોષ માનવો પડશે તેવું જાણકારોએ કહ્યું હતું.

## તંત્રની હદપારીની 'ભેટ'

માટે તડીપાર કરવામાં આવ્યો હતો. સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટના આદેશના પગલે મુંદરા પોલીસ મથકે ટુંડા ગામે રાયકા કોલોનીમાં રહેતા પપ્પુ યાદવને પકડીને તેને

Scanned by CamScanner